# ખાનખીજડિયાના ખેડૂતોનો દાડમમાં દબદબો

**૩૫ વીઘા દાડમમાં ૮ લાખ રૂપિયા સુધીના ખર્ચ સામે ૧૮ લાખ રૂપિયાની ખેડૂતને આવક મળશે : બે વર્ષ સુધી દાડમમાં છોડનો વિકાસ થયો ત્યાં સુધી આંતરપાકની વિશેષ આવક લીધી : દાડમનાં કુલ ૬,૦૦૦ થડ પરથી એવરેજ ૧૦થી ૧૨ કિલો મુજબ દાડમનું ઉત્પાદન : ડ્રિપથી વોટરસોલ્યૂબલ ખાતરો પિયતમાં આપ્યાં : દાડમના એક કિલોના ૩૦ રૂપિયાથી લઈને ૫૦ રૂપિયા સુધી મળતો ભાવ**

**મજબૂત** મનોબળ, પ્રબળ ઈચ્છા શક્તિ અને મનોમસ્તિષ્કમાં સાહસવૃત્તિ હોય તો ચોક્કસથી લક્ષ્યને પાર કરી શકાય છે. નાનકડા ગામડાનો ખમીરવંતો શિક્ષીત યુવાન ખેડૂત ૨૫ વર્ષે ગામનો સરપંચ બન્યો. નાની ઉંમરથી જ લોકોને મદદરૂપ થવાની ઉદાત્ત ભાવના સાથે અમરેલી જિલ્લાના વડિયાકુકાવાવ તાલુકાના નાનકડા એવા ખાનખીજડિયા ગામના યુવાન શિક્ષિત ખેડૂતે ૩૦ વર્ષની ઉંમરે જ ગામમાં સરપંચ પદ શોભાવતા સમાજ સેવા સાથે ખેતીમાં પણ મોટું સાહસ કરી રહ્યા છે. ભીખુભાઈ મનસુખભાઈ હીરપરાએ ૩૫ વીઘામાં બાગાયતી પાક દાડમની ખેતી અપનાવતાં ખૂબ જ સારી મહેનત કરી છે.

યુવાન ખેડૂતે જણાવ્યું હતું કે, કોઈપણ કામ અશક્ય નથી નકારાત્મક સોચ અને વિચારોને બદલે સકારાત્મક સોચ રાખો અને ખેડૂતનો દીકરો મહેનત તો કરે છે પણ આંધળી મહેનત નહીં કરવાની. કોઈપણ કામમાં આયોજન સંશોધન હોવું જરૂરી છે. વિદેશીઓ પણ અહીં વેપારને બદલે રાજ કરી ગયા તો આપણે આપણા દેશમાં ગામડે બેઠા બેઠા નવીન ટેક્નોલોજી દ્વારા ખેતીમાં આયોજનપૂર્વક નવા પાકોનું નિકાસલક્ષી વાવેતર કરી શકીએ છીએ. લક્ષ્મી સામેથી દોડતી આવે. કામ કોઈ પણ નાનું નથી મહત્ત્વકાંક્ષા ઈચ્છા શક્તિ હોય તો આજનો યુવાન ધારે તે કરવા સક્ષમ છે.

સરપંચની ટર્મ ચાલુ હોઈ સમાજ સેવા સાથે ખેતી કરવામાં આવે છે. દાડમની બાગાયતી ખેતી કરવાની ઈચ્છા થઈ એટલે મહારાષ્ટ્ર તથા ગુજરાત-સૌરાષ્ટ્રમાં દાડમની ખેતી કરતા ખેડૂતોને મળ્યો. જમીન, પાણી, વાતાવરણ ઉત્પાદન કમાણી બાબતે અને ખાસ માર્કેટિંગ બાબતે માહિતી લીધી અને નક્કી કર્યું કે દાડમની બાગાયતી ખેતી કરવી છે અને તે પણ ડ્રિપથી. વર્ષ ૨૦૧૩-૧૪ માં ૩૫ વીઘામાં દાડમનું વાવેતર કર્યું.



**દાડમમાં** રોગજીવાત ન આવે તે માટે ફૂગનાશક તેમજ અન્ય રસાયણિક દવાઓના છંટકાવ કરવા પડે છે. દવાના છંટકાવ મોટેભાગે રાત્રિના સમયે જ કરવામાં આવે છે. દાડમમાં હાલમાં ઉત્પાદન આવવાનું ચાલુ જ છે. ૩૫ વીઘામાં કુલ ૬,૦૦૦ થડમાંથી એક થડદીઠ એવરેજ ૧૦થી ૧૨ કિલોનું ઉત્પાદન થવાનો અંદાજ છે. દાડમની બે વીણી લઈ લીધી છે અને અત્યારે ત્રીજી અને છેલ્લા દાડમની વીણી ચાલુ છે કુલ ૬૦,૦૦૦ કિલો જેટલું ઉત્પાદન થશે. દાડમનું વેચાણ ગોંડલ તથા અમરેલીમાં એક કિલોના રૂ.૩૦થી લઈને ૫૦ રૂપિયાના ભાવે વેચાણ કર્યું છે. એવરેજ ૩૫ રૂપિયા લેખે ગણતા રૂ.૧૮ અઢાર લાખનું વેચાણ થશે. દાડમમાં શરૂઆતથી અત્યાર સુધીનો કુલ રૂ.૮ લાખ ખર્ચ બાદ જતાં ૧૦ લાખની ચોખ્ખી કમાણી થશે.

દાડમની ખેતીમાં આંતરપાકમાં પહેલાં વર્ષે મગફળી તથા લસણનો પાક વાવતાં રૂ.૧૮ લાખનું વેચાણ થયું જ્યારે બીજા વર્ષે આંતરપાક તરીકે કપાસ વાવતા તેમાં વીઘે ૨૦ મણ રહેતાં ખૂબ જ સારી કમાણી થઈ છે. અત્યારે ત્રીજા વર્ષે દાડમનું ઉત્પાદન ચાલુ છે. ખેતીમાં વિજ્ઞાનને જોડો અને કંઈક મહત્ત્વાકાંક્ષા - ઈચ્છા શક્તિ રાખો. માત્ર મહેનત કરવા કરતા આયોજનપૂર્વક ખેતી કરો તો ઉત્પાદન અને કમાણી થવાની જ છે.

કુલ ૩૫ વીઘામાં ડ્રિપથી ભગવા સિંદૂરી જાતની ગુટી કલમોનું બે હાર વચ્ચે ૧૨ ફૂટ અને બે છોડ વચ્ચે ૮ ફૂટના અંતરે ૧૫થી ૧૭ વર્ષની મુદતની દાડમની બાગાયતી ખેતી અપનાવી છે. કોઈપણ કામમાં જાત દેખરેખ હોવી જરૂરી છે તો જ સફળતા મળે. ખેતીમાં કંઈક નવીનતા સાથે સારી કમાણી માટે દાડમની ખેતી અપનાવી છે. દાડમનું વાવેતર કરતાં પહેલાં ટ્રેક્ટરથી ખાડા કરીને ૨૦ દિવસ સૂર્યના તાપમાં તપાવી ત્યારબાદ પાયાનું છાણિયું ખાતર + ૧૨-૩૨-૧૬ નાંખી એક કલાક ડ્રિપથી ખાડા પલાળી ૬,૦૦૦ ગુટી કલમોનું વાવેતર કર્યું છે. દાડમની ગુટીકલમ મહારાષ્ટ્રથી વાડીએ પહોંચતા સુધી એક રોપાના રૂ.૧૭ જેટલો ખર્ચ થયો છે. દાડમના વાવેતર વખતે સતત બે વર્ષ આંતરપાક લઈને સારી આવક લીધી છે. સાથે સાથે બાગાયતી પાકનો વિકાસ પણ ચાલુ રહે છે.

પાકમાં જરૂરિયાત મુજબ ડ્રિપથી પિયત અને ખાતરો આપવામાં આવ્યા છે. છોડનો સારો વિકાસ થાય તે માટે માટીના બેડમાં છાણિયું ખાતર, નીમ ખોળ, દિવેલી ખોળ વગેરે આપવામાં આવે છે. પૂરક ખાતર આપતા પહેલા છોડના વિકાસ સાથે માટીના બેડ બનાવવાનો. માટી ચડાવતા અંતમાં ૩ ફૂટ પહોળો ૧ ફૂટ ઊંચો બેડ થઈ જાય તેમ શરૂઆતમાં બેડમાં છોડની આગળ પાછળ જરૂર પ્રમાણે છાણિયું ખાતર ૨૦ કિલો, સીંગલ સુપર ફોસ્ફેટ, નીમખોળ તથા અન્ય વોટર સોલ્યુબલ ખાતરો પણ ૮થી ૧૦ દિવસે આપવામાં આવે છે. દાડમમાં ફાલ લગાડવા સમયે બે માસ



પહેલાં પિયત બંધ રાખી ત્યારબાદ કટિંગ કરી નવી વૃદ્ધિમાં પિયત આપી ફાલ લગાડવામાં આવે છે. દાડમમાં પહેલી વખત ફ્લાવરિંગ ૨૭મા મહિને લગાડ્યું છે. ત્યાં સુધી આંતરપાકની આવક લીધી છે.

સંપર્ક : ૯૪૦૯૪ ૫૩૮૬૦



## ૨૦ વીઘામાં દાડમની ડ્રિપથી સહિયારી ખેતીમાં ઉત્તમ આવક

મારું ગામ
નાગજીભાઈ વઘાસિયા

**અમરેલી** જિલ્લાના વડિયા કુકાવાવ તાલુકાના ખાન ખીજડિયા ગામના બે ભાઈઓ ભાવેશભાઈ તથા લાલજીભાઈ હીરપરાએ બાગાયતી ખેતીમાં સંયુક્ત સાહસ કરતાં દાડમની બાગાયતી ખેતી અપનાવી છે. દાડમની ખેતી બાબતે તેમણે જણાવ્યું હતું કે, પાણીની સગવડ છે તો પછી એકના એક પાક વાવવાને બદલે કંઈક નવીન કરવું એવું વિચારી બધે તપાસ કરતાં દાડમની ખેતી તરફ આકર્ષણ ઊભું થતાં તેનું વાવેતર કર્યું છે.

દાડમની ગુટી કલમોનું ખાડા કરીને વાવેતર કરવાને બદલે કઠણ જમીનમાં જ સીધું વાવેતર કરવાથી તમામ રોપા ચોંટી જાય છે.

દાડમની કલમોનું અનુભવ્યા પ્રમાણે ખાડા કરીને વાવેતર કરવાથી ૨૦થી ૨૫ % કલમો ફેઈલ જાય છે એટલે વાવેતર સમયથી જ પાકમાં ખાસ કાળજી રાખો તો ફાયદો શરૂ થાય. વાવેતરમાં છોડ આગળ પાછળ ના થાય અને એક ધારો બગાયતી પાક મળ્યા કરે છે.

કુલ ૨૦ વીઘામાં ડ્રિપથી કઠણ જમીન પલાળી મજબૂત લાકડાનાં ટુકડાથી વજન આપી કાઢી લેવાનો અને જે જગ્યા થાય તેમાં ડાયરેક્ટ કલમ રોપી દીધા છે. દાડમનું વાવેતર કરતાં બે હાર વચ્ચે ૧૨ ફૂટ અને બે છોડ વચ્ચે ૮ ફૂટનું અંતર જાળવીને વાવેતર કર્યું છે. દાડમના પાકની ૧૫થી ૧૭ વર્ષની મુદતની કુલ ૩,૬૦૦ ગુટી કલમોનું ત્રણ વર્ષથી વાવેતર કરેલું છે. વાવેતર કરતાં પાયામાં કોઈ ખાતર આપેલું નથી.

દાડમનું વાવેતર કર્યું ત્યારે ડ્રિપથી શરૂઆતમાં ૩ દિવસે ૨૦ મિનિટ પિયત આપવામાં આવ્યું છે ત્યાર પછી ફાલ શરૂ થાય ત્યારે દર બે દિવસના અંતરાલે અડધો કલાક અને ફળ બંધાય ત્યારે ૧ કલાક મુજબ પિયત આપ્યું છે.

દાડમનું વાવેતર કર્યા પછી ૩ મહિનાના અંતરે કુલ ૬ કટિંગ કર્યા પછી ફાલ માટે થડ તૈયાર થાય છે. ફાલ લાગવાનું શરૂ થાય ત્યારે વોટરસોલ્યૂબલ ખાતરો ૧૦ દિવસના અંતરાલે ત્રણ વખત આપવામાં આવ્યા છે. આ સિવાય બેડમાં છાણિયું ખાતર પણ આપવામાં આવે છે. પાક લેવાનું ચાલુ કર્યા પછી દર વર્ષે છાણિયું ખાતર તેમજ રાસાયણિક ખાતર જરૂર મુજબ આપ્યા છે.

દાડમમાં રોગ જીવાત ન આવે તે માટે ખાસ કાળજી રાખવી. એક થડદીઠ એવરેજ ૧૨ કિલો મુજબ ૪૩ ટનનું ઉત્પાદન થયું છે. તેનું વાડીએ બેઠા ૨૭ ટન એક કિલોના રૂ.૪૫ના ભાવે તેમજ છૂટક ૧૫ ટન ૩૦થી ૬૫ રૂપિયાના ભાવે થયું છે. કુલ રૂ.૧૫ લાખનું વેચાણ થયું છે. સામે કુલ મળીને ૪ લાખ રૂપિયાનો ખર્ચ રહ્યો છે. દાડમમાં પહેલા વર્ષે આંતરપાક કપાસ+ચણા અને બીજા વર્ષે કપાસની કમાણી અલગ મળી છે.

સંપર્ક : ૯૮૨૫૪ ૧૨૬૦૧